## ડાયરેક્ટ ❤ સે

સમજી-વિચારી
મેળવી તુંબડાના તાર-તાર
આ શ્વાસ સાવ ઝીણી સીતારી છે
મૂક્યો અલખની લ્હેર્યું પર
જેણે પગ જરા
એની પવનથી તેજ સવારી છે

**- મનોજ ખંડેરિયા**

## જન્મદિને વધામણી



**દિવ્યાંશુ વાય પારેખ**
**મો. ૮૩૪૭૦ ૫૩૧૪૭**



**દિવ્ય અશ્વિન ત્રિવેદી**
**યુવા પ્રમુખ, અખિલ ભારતીય બ્રાહ્મણ વિકાસ પરિષદ**
**મો. ૯૭૩૭૭ ૧૧૧૯૧**

## પ્રેરણા વિદ્યાલય ખાતે આજે ગૌરી વ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ

ગાંધીનગર, તા. ૬

જ્યોતિ મહિલા મંડળ તથા પ્રેરણા વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ગૌરી વ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન શુક્રવારે પ્રેરણા વિદ્યાલય ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની અખબારી યાદીમાં વિદ્યાલયના આચાર્ય મનીષભાઈ ખત્રી અને મંડળનાં પ્રમુખ ચેતના બુચ દ્વારા જણાવવામાં આવ્યું છે કે તા. ૭ જુલાઈ ને શુક્રવારના રોજ પ્રેરણા વિદ્યાલય ખાતે ગૌરી વ્રત નિમિત્તે કેશ ગૂંફન સ્પર્ધા અને મહેંદી સ્પર્ધા આયોજિત કરવામાં આવી છે. આ પ્રસંગે નીલકંઠભાઈ શાસ્ત્રી શાળામાં ઉપસ્થિત રહેશે અને ગૌરી વ્રતનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવશે. નગરના તમામ નાગરિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા બંને સંસ્થાઓ તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ન્યૂ ગાંધીનગર વિસ્તારમાં

# અભિવ્યક્તિ કલા કેન્દ્ર દ્વારા ગરબા તાલીમ વર્ગનો આરંભ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં ઘણાં વર્ષોથી કાર્યરત અભિવ્યક્તિ કલા કેન્દ્ર એના નૃત્યવર્ગોને કારણે પ્રચલિત છે. આ સંસ્થાનાં સંચાલિકા ગાર્ગી પસારી ઠક્કર નિષ્ણાત કોરિયોગ્રાફર અને શાસ્ત્રીય નૃત્યના વર્ગો ચલાવે છે. એમણે ન્યૂ ગાંધીનગરના ગરબા પ્રેમીઓને ઘર આંગણે ગરબા શીખવા મળે એ માટે સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ ખાતે એમના નવા વર્ગોનો પ્રારંભ કર્યો છે.

ગાર્ગી ઠક્કર અને જીતુ ચૌહાણ એમના અનુભવોનો લાભ આ ગરબા ક્લાસ અંતર્ગત ગરબાપ્રેમીઓને આપશે, જેમણે આગામી નવરાત્રીમાં ઉત્તમ પરફોર્મન્સની ખાતરી તાલીમાર્થીઓને આપી હતી.

મા અંબાજીની આરતી ઉતારી ગરબા ક્લાસનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત ઉપસ્થિત રહ્યા હતા.



# કલાનિધિ કથક એકેડેમી દ્વારા આજે નૃત્યોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૬

કલાનિધિ કથક એકેડેમી દ્વારા શુક્રવારે ટાગોર હૉલ, અમદાવાદ ખાતે નૃત્યોત્સવ-૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે.

નીતિ ઉપાધ્યાય પંડ્યાએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે સંસ્થાના આ વાર્ષિક નૃત્ય મહોત્સવમાં કથક નૃત્યની વિવિધ કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવશે.

કાર્યક્રમ અંતર્ગત અમી ઉપાધ્યાય પઢંતની, જયદેવ ગોસાઈ વોકલની, હાર્દિક કાનાણી તબલાંની અને શિવરામસિંહ ચુડાસમા વોઈસ ઓવરની સેવાઓ આપશે.

ઉલ્લેખનીય છે કે સંસ્થાએ ૧૯૯૯થી કથકની તાલીમનો રાજકોટથી પ્રારંભ કર્યો હતો.

ટાગોર હૉલ ખાતે રાત્રે ૯ કલાકે આયોજિત નૃત્યોત્સવ-૨૦૧૭ અંતર્ગત શ્લોકથી માંડીને કથક ફ્યુઝન અને ડાન્સ ડ્રામા જેવી ૧૨ કૃતિઓ તાલીમાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે.

# નર્સિંગ કોલેજ માટે પ્રવેશ પ્રક્રિયા આ વખતથી ઑનલાઇન કરાઈ

ગાંધીનગર, તા. ૬

નર્સિંગ અંદાજે ૪ હજારે બેઠકો માટે ચાલુ વર્ષે ઓનલાઇન એડમિશન પ્રક્રિયા કરવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત નર્સિંગ માટે નવી પ્રવેશ સમિતિની રચના પણ કરી દેવામાં આવી હતી. આ કમિટી પણ અન્ય કમિટીઓની જેમ કમિશનરની સીધી દેખરેખ હેઠળ કાર્ય કરશે.

નર્સિંગ એટલે કે જીએનએમ(ડિપ્લોમા ઈન જનરલ નર્સિંગ) અને એએનએમ (Auxiliary Nurse MidWifery) નર્સિંગમાં પ્રવેશની પ્રક્રિયા અત્યાર સુધી બી.જે.મેડિકલ કોલેજમાંથી કરવામાં આવતી હતી. નર્સિંગ કોલેજમાં પ્રવેશ માટેની કમિટીમાં બી.જે.મેડિકલ કોલેજના ડીનને મેમ્બર સેક્રેટરી અને એક પ્રોફેસરને સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. દરેક વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા માટે અને પ્રવેશ પ્રક્રિયા માટે પણ બી.જે.મેડિકલ કોલેજમા બોલાવવામાં આવતાં હતા. એટલે કે નર્સિંગમાં પણ ઓફલાઈન પધ્ધતિથી પ્રવેશ પ્રક્રિયા થતી હતી. સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે બી.જે.મેડિકલ કોલેજમાં આવવુ પડતુ હતુ. હવે પછી નર્સિંગમાં પણ સંપૂર્ણ ઓનલાઈન સીસ્ટમથી જ પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે. આ પ્રવેશ પ્રક્રિયા પણ ગાંધીનગરથી જ થશે એવો નિર્ણય લેવામાં આવ્યો છે.

આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે

# ગૌરી વ્રત નિમિત્તે સ્પર્ધાઓ યોજાઈ



આદર્શ નિવાસી કન્યા શાળા (અજા), સૅક્ટર-૮ ખાતે ગૌરી વ્રતની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત મંગળવારે ધોરણ-૯થી ૧૨ની વિદ્યાર્થીનીઓ માટે રંગોળી સ્પર્ધા, કેશ-ગૂંફન સ્પર્ધા તથા ચિત્રસ્પર્ધા અને બુધવારના રોજ વેશભૂષા સ્પર્ધા, કેટવૉક, મહેંદી સ્પર્ધા, ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થીનીએ પોતાની પસંદની બે સ્પર્ધામાં ભાગ લઈને પોતાના કલા કૌશલનું પ્રદર્શન કર્યું હતું. રંગોળી સ્પર્ધામાં અનુક્રમે આરતી રાઠોડ અને સુનિતા વેગડા, અંજલિ પરમાર, મિત્તલ સોલંકી, કેશ ગૂંફન સ્પર્ધામાં ઝલક સોનારા, દક્ષા પરમાર, નિકીતા પરમાર, ચિત્ર સ્પર્ધામાં નીર-પરમાર, મોનિકા દુલેરા, તમન્ના રાઠોડ, ભજન સ્પર્ધામાં રિન્કુ સોલંકી, કિંજલ રાઠોડ, મનિષા સોલંકી, કૅટવૉક સ્પર્ધામાં હિના સોલંકી, મીનાક્ષી રાઠોડ, ભૂમિ પરમાર , મહેંદી સ્પર્ધામાં સોનલ જાદવ, મીનાક્ષી વાણિયા, ભારતી પરમારનાં નામની જાહેરાત કરવામાં આવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૮નાં મદદનીશ શિક્ષક કૈલાસબેન પરમાર અને મિત્તલબેન પટેલે પોતાની સેવાઓ આપી હતી.

ઈન્ટેલ સર્વિસીસ એન્ડ સોલ્યુશન દ્વારા યોજાઈ સાયબર ટોક

# બાળકોમાં ઈન્ટરનેટનો વધતા ઉપયોગ સામે લાલ બત્તી ધરાઈ

ગાંધીનગર, તા. ૬

દર બીજી મિનિટે દેશની એક બહેન કે દીકરીને ઈન્ટરનેટ પર એક્સપોઝ કરાઈ રહી છે! બાળકોનાં અપહરણ પાછળ પણ હવે સોશિયલ મીડિયા જવાબદાર બની રહ્યું છે. બાળકોને 'સેક્સટીંગ'નો શિકાર બનાવાઈ રહ્યાં છે. ચાઈલ્ડ કોમ્પિટિશનના નામે બાળકોની વિગતો મેળવાઈ રહી છે ! આ ગંભીર બાબતો તાજેતરમાં ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે યોજાયેલા 'સાયબર ટોક' નામના સેમિનારમાં સાયબર એક્સપર્ટ્સ દ્વારા ઉઠાવવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, દેશમાં ૧૪ થી ૧૮ વર્ષના બાળકોમાં મોબાઈલ ઈન્ટરનેટનો ઉપયોગ ૪૦ ટકા વધ્યો છે. આ પૈકી મોટાભાગના ચાઈલ્ડ ઈન્ટરનેટ યુઝર સાયબર ફ્રોડ, નકલી પ્રોફાઈલ, સેક્સટીંગ, સાયબર બુલીંગ, પોર્નોગ્રાફીનો શિકાર બની રહ્યાં છે. સાયબર સિક્યુરિટીને લઈને આપણા દેશની ૧૩૦ કરોડની જનતા સામે સારી કહી શકાય તેવી માત્ર ૪૦થી ૫૦ જ કંપનીઓ છે ત્યારે આ બાબતે સરકારે પણ યોગ્ય પગલાં લેવાં જોઈએ તેવો અનુરોધ સાયબર એક્સપર્ટસએ કર્યો હતો.

ઈન્ટેલ સર્વિસીસ એન્ડ સોલ્યુશન પ્રા.લિ. દ્વારા નેશનલ સાયબર ડિફેન્સ રીસર્ચ સેન્ટર અને કાઉન્સિલ ઓફ ઈન્ફર્મેશને સાથે મળીને સાયબર ટોક નામના કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. જેમાં ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો હેતુ લોકોને સાયબર ક્રાઈમ, સાયબર એટેક, વુમન સિક્યોરિટી, ચાઈલ્ડ ઓનલાઈન સેફ્ટી, કોર્પોરેટ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ સાઈબર સિક્યુરિટી, નેશનલ સિક્યોરિટી અને ઓનલાઈન ફ્રોડ સામે લોકો સુરક્ષિત રહે તે માટે તેમને સતર્ક કરવાનો હતો.

# ડિગ્રી ઈજનેરી માટે ૩૫ હજાર વિદ્યાર્થીઓને કૉલેજની ફાળવણી

ગાંધીનગર, તા. ૬

ડિગ્રી ઈજનેરીની ૬૯ હજાર બેઠકો માટે વિદ્યાર્થીઓ આપેલી ફાઈનલ ચોઈસના આધારે બુધવારે કોલેજની ફાળવણી કરી દેવાઈ છે. કુલ ૩૯૧૦૯ વિદ્યાર્થીઓ પ્રવેશ માટે ચોઈસ ભરી હતી. જેમાંથી ૩૫૯૫૧ વિદ્યાર્થીને મેરિટના આધારે કોલેજની ફાળવણી કરાઈ હતી. આમ, પહેલાં રાઉન્ડના અંતે જ ૨૩૪૧૬ બેઠકો ખાલી પડી છે. આગામી તા.૧૩મીએ પહેલા રાઉન્ડમાં ખાલી પડેલી બેઠકોની વિગતો જાહેર કરાશે. જેના આધારે બીજા રાઉન્ડ એટલે કે રિશફલિંગની પ્રક્રિયા કરાશે. ડિગ્રી ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે બુધવારે કરાયેલી ફાળવણીમાં પહેલા ક્રમના વિદ્યાર્થીએ ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટમાં આઈસીટીમાં પ્રવેશ લીધો હતો. આ જ રીતે મેરિટમાં છેલ્લા ક્રમે આવેલા વિદ્યાર્થીએ મર્ચન્ટ ઈજનેરી કોલેજમાં મિકેનિકલ બ્રાન્ચમાં પ્રવેશ લીધો હતો. પ્રવેશ સમિતિ પાસે ગ્રાન્ટેડ ૧૯ કોલેજોની ૧૦૩૩૫ બેઠકો ઉપલબ્ધ હતી. પહેલા રાઉન્ડમાં ગ્રાન્ટેડ કોલેજની તમામ બેઠકો ફુલ થઈ ગઈ હતી. એટલે કે હવે ગ્રાન્ટેડ કોલેજોમાં કોઈ બેઠકો ખાલી રહેતી નથી. વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસ પ્રમાણે જોઈએ તો સૌથી વધુ ૧૫૯૫૫૧ મિકેનિકલ માટે મળી હતી ત્યારબાદ કોમ્પ્યૂટરમાં ૧૯૩૧૪૯, સિવિલ માટે ૧૩૫૪૫૧, આઈ.ટી. માટે ૧૧૭૨૯૮, ઈલેક્ટ્રિક માટે ૧૦૭૪૯ જેટલી ચોઈસ વિદ્યાર્થીઓ આપી હતી. પ્રવેશ સમિતિ પાસે રહેલી કોમ્પ્યૂટરની ૮૩૯૩ બેઠકો પૈકી ૬૭૨૩ બેઠકો ભરાઈ હતી. આ જ રીતે મિકેનિકલની ૧૩૮૪૫માંથી ૬૨૭૩ અને સિવિલમાં ૧૦૩૦૨માંથી ૫૬૩૦ અને ઈલેક્ટ્રિકમાં ૭૯૧૯માંથી ૩૩૧૭ બેઠકો ભરાઈ હતી. પહેલા રાઉન્ડમાં ૩૭ કોલેજો એવી છે કે જેની ૧૦૦ ટકા એટલે કે તમામ બેઠકો ભરાઈ ગઈ હતી. ૧૮ કોલેજો એવી છે કે જેની ૭૫થી ૯૫ ટકા બેઠકો ફુલ થઈ છે. ૨૨ કોલેજો એવી છે કે ૫૦થી લઈને ૭૫ ટકા જેટલી બેઠકો ભરાઈ છે. ૨૯ કોલેજો એવી છે કે ૨૫ થી લઈને ૪૯ ટકા સુધી બેઠકો ભરાઈ છે. જ્યારે ૩૯ કોલેજો એવી છે કે જેની માત્ર ૨૫ ટકા બેઠકો ફુલ થઈ શકી છે. ટેક્સટાઈલ્સ, ફુડ, પ્રોડ્કશન, ઈન્ડસ્ટ્રિયલ, રબર ઈજનેરી, કેમિકલ ટેકનોલોજી, પાવર ઈલેક્ટ્રોનિક્સ માઈનિંગ ઈજનેરી સહિતની ૨૧ બ્રાન્ચ એવી છે કે જેની ૧૦૦ ટકા બેઠકો ભરાઈ ગઈ છે.



## ડેઈલી કરંટ

દર્શન મારૂ

95862 87447

(૧) ઈઝરાઈલની મુલાકાત લેનાર નરેન્દ્ર મોદી ભારતના કેટલામા વડાપ્રધાન છે?
**(એ) પ્રથમ**
(બી) દ્વિતીય
(સી) તૃતિય
(ડી) ચતુર્થ

(૨) ૨૦૧૭ કોન્ફેડરેશન કપ ફૂટબોલ ચેમ્પિયનશીપ કયા દેશની ટીમ જીતી હતી?
(એ) આર્જેન્ટીના
(બી) ચીલી
**(સી) જર્મની**
(ડી) ફ્રાન્સ

(૩) ૨૦૧૭ કોન્ફેડરેશન કપ ફૂટબોલ ટુર્નામેન્ટનો યજમાન દેશ કયો?
(એ) બ્રિટન
(બી) બ્રાઝિલ
(સી) મૅક્સિકો
**(ડી) રશિયા**

(૪) ૨૦૧૭ કોન્ફેડરેશન કપ ફૂટબોલ ટુર્નામેન્ટમાં કુલ કેટલા દેશોની ટીમોએ ભાગ લીધો હતો?
(એ) ૭
**(બી) ૮**
(સી) ૯
(ડી) ૧૦

(૫) ૨૦૧૭ કોન્ફેડરેશન કપ ફૂટબોલ ટુર્નામેન્ટમાં કઈ ટીમ રનર અપ બની હતી?
(એ) પોર્ટુગલ
(બી) મેક્સિકો
**(સી) ચીલી**
(ડી) બ્રાઝિલ

(૬) તાજેતરમાં જુલાઈ માસ દરમિયાન કેનેડા દેશનો કેટલામો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો?
(એ) ૧૧૦મો
(બી) ૧૨૦મો
(સી) ૧૩૦મો
**(ડી) ૧૫૦મો**

(૭) તાજેતરમાં 'સેબી'નાં પ્રથમ મહિલા સભ્ય બનવાનું ગૌરવ કોને મળ્યું છે?
(એ) ચંદા કોચર
(બી) અરૂંધતી ભટ્ટાચાર્ય
**(સી) માધબીપુરી બુચ**
(ડી) મેધા પાટકર

(૮) નેપાળના નવા વડાપ્રધાન પદે તાજેતરમાં કોની વરણી કરવામાં આવી છે?
(એ) શેરબહાદુર થાપા
(બી) વિજયબહાદુર દેઉબા
**(સી) શેરબહાદુર દેઉબા**
(ડી) વિજયબહાદુર થાપા

(૯) ભારતમાં પરમાણુ ઊર્જાના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે કેબિનેટે કેટલા પરમાણુ રીએક્ટર બનાવવા મંજૂરી આપી દીધી છે?
**(એ) ૧૦**
(બી) ૧૧
(સી) ૧૨
(ડી) ૧૩

(૧૦) ૨૦૧૭માં ઍફડીઆઈની દૃષ્ટિએ વિશ્વમાં ભારતનો ક્રમ કયો નોંધાયો છે?
**(એ) પ્રથમ**
(બી) દ્વિતિય
(સી) તૃતિય
(ડી) ચતુર્થ

# અર્થતંત્રમાં ઑડિટનું ક્ષેત્ર : વિશ્વાસથી વિકાસ સુધી



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પહેલી જુલાઈ, ૨૦૧૭ ભારતીય ઈતિહાસમાં એક નોંધપાત્ર દિવસ તરીકે યાદ રહેશે. ઘણી બધી ગડમથલ, લમણાઝીંક, ચર્ચા-વિચારણા બાદ ગૂડ્સ ઍન્ડ સિમ્પલ ટૅક્સ (જીઍસટી)નો અમલ પૂરા રાષ્ટ્રમાં કરવાનું જાહેર થયું. જીઍસટી વાસ્તવમાં નવો કોઈ ટૅક્સ નથી પરંતુ ટૅક્સ સુધારણાનું મહત્ત્વનું કદમ છે. ઉપરાંત આ ટૅક્સ પ્રક્રિયામાં સિસ્ટમનો જ મહત્તમ ઉપયોગ છે. અર્થાત બધું કમ્પ્યુટર્સ આધારિત થવાનું છે. સરળ શબ્દોમાં કહીએ તો હવે દિવસો એવા આવ્યા છે કે બધાએ ટૅક્સ ભરવામાં યોગદાન આપવું જ પડશે. નાનાં-મોટાં પ્રવર્તમાન કર માળખાંને સુધારીને 'એક રાષ્ટ્ર એક ટૅક્સ'ને અમલી કરવાનું આ કદમ લાંબા ગાળે મહત્ત્વનું સાબિત થશે પરંતુ હાલ શરૂઆતના તબક્કે પ્રશ્નો થોડા ઘણા મુંઝવશે. ૨૦ લાખ સુધીના ટર્ન ઓવર પર કોઈ ટૅક્સ નથી. ૨૦ લાખથી ૭૫ લાખના સ્લૅબમાં જો વેપાર (ટ્રેડિંગ) હોય તો એક ટકો અને ઉત્પાદન (મેન્યુફેક્ચરીંગ) હોય તો બે ટકા ટૅક્સ રાખવામાં આવ્યો છે.

જીઍસટીના અમલીકરણની શરૂઆત જ નોંધણીથી થઈ જાય છે તેથી વેપારીઓ, ઉદ્યોગકારો ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ્સની પાસે જવા લાગ્યા અથવા ટૅક્સ સલાહકારોને ત્યાં લાઈનો થવા લાગી. આમાં નાના વેપારીઓને કોઈ ચિંતા કરવા જેવું નથી. મધ્યમ કક્ષાના ધંધાર્થી એકમોને આ બધું કરવા હવે સિસ્ટમનો સાથ અવશ્ય જોઈશે. તદુપરાંત હવે ટર્નઓવરને મશીન્સની મદદથી જોઈ શકાશે. ઉત્પાદક, હૉલસેલર, રીટેલર અને ઉપભોક્તા સુધી પૂરી 'ચેઈન પ્રૉસેસ' આ નવી સિસ્ટમથી ચકાસી પણ શકાશે. બૅન્ક ખાતાઓ હવે પાન નંબર વત્તા આધાર કાર્ડ નંબરથી જોડાઈ ગયા છે. મતલબ મશીન્સની ટૅકનોલૉજીમાંથી બચી શકાય તેવું નથી. માણસ જ મહત્ત્વનો હોય પણ તેની પાસેની અપેક્ષાઓ નિષ્ફળ ગઈ એટલે જીઍસટીનો જન્મ થયો છે, સમજવા જેવી ઘટના છે.

અત્યાર સુધી જે મોટા પ્રૉજેક્ટ્સ બન્યા તે ગમે તે સૅક્ટરના હોય પણ અરજદાર માત્ર સહી કે સિક્કા કરીને બૅન્કને કે સરકારને રજૂ કરતા હતા. તેને તૈયાર કરવાનું કામ સીએની પેઢીઓ જ કરતી રહી છે. સીએની સહી તો પીઍમની સહીથી પણ વધુ મહત્ત્વ ધરાવે છે તેવું આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈએ જ જાહેરમાં વ્યક્ત કર્યું છે.

આ સીએનો વર્ગ જે દેશમાં કામ કરી રહ્યો છે તેમની ઉપર બહુ મોટી જવાબદારી એ અર્થમાં છે તે તેઓની સહી પર બધા વિશ્વાસ મૂકે છે. ઑડિટનું ક્ષેત્ર પણ નિર્મળ, ભ્રષ્ટાચારમુક્ત રહે એ ખૂબ આવશ્યક છે. ઑડિટર આર્થિક વ્યવહારોની સચ્ચાઈમાં બહુ વિશ્વાસ ધરાવનાર એકમ છે. ગ્રાહકની તરફેણ કરી રાષ્ટ્રહિતને બાજુમાં ધક્કો મારવાની ચેષ્ટા ઑડિટના ખ્યાલને ભ્રષ્ટ કરી મૂકે છે. માત્ર સ્વયંની કમાણીથી ઉપર ઊઠીને કામ કરવાની નસીહત વડાપ્રધાને વ્યક્ત કરી એ સમયોચિત અને યોગ્ય છે.

આર્થિક વ્યવહારોને પત્રકોમાં નિયત નિયમો મુજબ તૈયાર કરી આપવા એ કામમાં સીએ કંપનીઝ જ મુખ્યત્વે કામ કરતી હોય છે પરંતુ છટકબારીને કમાણી કરવાનું સાધન કદિ ન બનાવાય તે સુનિશ્ચિત કરવાની તેઓની નૈતિક અને કાનૂની જવાબદારી છે. આજે પણ સીએ પ્રમાણિત કાગળો ઉપર બધી નાણાંકિય સંસ્થાઓ કે બૅન્કો ખૂબ ભરોસો કરે છે. આંતરિક ઑડિટ હોય કે બાહ્ય ઑડિટ હોય, તેમાં સત્યને ઢાંકી દઈ કોઈ રજૂઆત કદિ પણ થવી જોઈએ નહીં. ઑડિટ એ સાવચેતીની પ્રક્રિયાનું અંગ છે. નહીં કે ભૂલોની શોધખોળનું મહા અભિયાન. ફરીથી એવા જ પ્રકારની કોઈ ક્ષતિ રહે નહીં એ બોધપાઠ ઑડિટનો હોય છે. ઑડિટરને સાચવી લેવાથી કોઈ વાંધો નહીં આવે એ માઈન્ડસૅટમાંથી બહાર આવવું જરૂરી છે. ઑડિટ ક્ષેત્રમાં પણ હવે ઈન્ટરનેટ આધારિત કાર્યોને સિસ્ટમ આધારિત પધ્ધતિથી ચકાસવામાં આવે છે, તેથી ઈન્ટરનેટની જાળમાંથી કોઈ છટકી જાય એ અશક્ય છે. ટૅક્સના પૂરા માળખામાં હવે આ પ્રક્રિયાને મજબૂત બનાવવામાં આવી છે. જૂની પેઢીનું માનસ શંકાઓ ઉત્પન્ન કરે છે.

આ બધું સરકારને કરવું પડ્યું છે કારણ કે ટૅક્સ ભરનારા વસતીનો એક ટકો પણ નથી. દેશનો વિકાસ જરૂરી છે પણ નાણાં વિના શું થઈ શકે ? જે વર્ગ સચ્ચાઈને છુપાવીને ટૅક્સચોરી કરી રહ્યો હોય તેને પ્રામાણિક થવાનું કષ્ટ વેઠવું જ પડશે. પણ હવે રાષ્ટ્ર માટે કંઈક ત્યાગવાની બધી જ તૈયારી જોઈશે. જીઍસટી એટલે 'ગામડે સૅટ થઈ જાઓ' જેવા મૅસેજ ભલે ફરતા થયા હોય પરંતુ એ દેશ માટે જરૂરી છે.

રાષ્ટ્રનિર્માણ કરવામાં સૌનું યોગદાન એટલે જીઍસટી. અને આ પ્રક્રિયામાં પૂરા પ્રામાણિક રહી સીએ વર્ગ કાર્ય કરે એ જ કૌશલ્ય ભારત અને કર્મયોગી ભારત.

**શેર આસ્વાદ**

કોશિશ તો રોજ કરતે હૈં
વક્ત સે સમજૌતા કર લેં
કમબખ્ત દિલ કે કોને મેં છૂપી
ઉમ્મીદ માનતી હી નહીં




## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

'મારું પ્રિય પુસ્તક'